સ.શિ.પ. / ફેબ્રુ ૨૦૦૨ / ૬૦૦

# સત્સંગ શિક્ષણ પરીક્ષા

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ પ્રવીણ

## પ્રશ્નપત્ર - ૨

સવારે ૯ થી ૧૨ ]   (રવિવાર, ૨૪ ફેબ્રુઆરી, ૨૦૦૨)   કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

(વિભાગ - ૧   કિશોર સત્સંગ પ્રવીણ)

**પ્ર.૧. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ‘‘સ્વામી ! આમાં તમે કાંઈ સમજ્યા નહિ.’’

૨. ‘‘આનું મહેનતાણું શું આપશો ?’’

૩. ‘‘બોલો મહારાજની શી આજ્ઞા છે ?’’

**પ્ર.૨. નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં)** ૬

૧. સ્વયંપ્રકાશાનંદ સાધુ થયા.

૨. શાંતિબાએ પટારાની અડધી રકમ આપવાનો સંકલ્પ કર્યો.

૩. મહારાજે મૂળજી અને કૃષ્ણજીને રાજી થઈ ભાગવતી દીક્ષા આપી.

૪. ઉકાખાચર સભામાં મોડા આવ્યા.

**પ્ર.૩. નીચેના વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. નિષ્કુળાનંદ કાવ્ય **અથવા** સત્સંગિજીવન

૨. જેઠામેર **અથવા** કૃપાનંદ સ્વામી

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. રાજાએ જાણવા જેવા ચાર ઉપાય કયા છે ?





૨. શ્રીજીમહારાજે વચ. સારંગપુર ત્રીજામાં માનસીપૂજાનો શો મહિમા કહ્યો છે ?

૩. સ્વામિનારાયણના આશ્રિત માટે મહારાજની મુખ્ય આજ્ઞા કઈ છે ?

૪. મગનભાઈને કોના યોગથી સત્સંગ થયો ?

૫. રામબાઈએ શ્રીજીમહારાજ પાસે શું કરાવ્યું ? શા માટે ?

૬. આત્યંતિક કલ્યાણ એટલે શું ?

**પ્ર.૫. નીચે આપેલ ‘સ્વામીની વાત’ પૂરી કરી તેનું નિરૂપણ લખો.** ૫

ભગવાન ને મોટા સાધુને આશરે.......

**અથવા**

**નીચે આપેલ વચનામૃતનું નિરૂપણ લખો.**

ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૪મું

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** ૫

**ટૂંકનોંધઃ- રાજાભાઈ**

**૧.** રાજાભાઈ સૌરાષ્ટ્રમાં અગતરાઈ પાસે મેવાસા ગામના વતની હતા. **૨.** તેમને સત્સંગની – સંત-હરિભક્તોની સેવા કરવી એ જ મુખ્ય અંગ હતું. **૩.** સંતોને દર વર્ષે ધોતિયા ઓઢાડવાનો રાજાભાઈને નિયમ હતો. **૪.** વણિક હરિભક્તે રાજાભાઈનાં પત્ની પાસે સીધા-સામગ્રીની માંગણી કરી. **૫.** રાજાભાઈને ત્યાંથી સીધું-સામગ્રી લાવીને વણિક હરિભક્તે સંતોને જમાડ્યા. **૬.** રાજાભાઈએ ગામના બ્રાહ્મણ પાસે પત્ની પર છાનો પત્ર લખાવ્યો. **૭.** પિતાની માંદગીનો પત્ર મળતા જ રાજાભાઈનાં પત્ની પિયર ચાલી નીકળ્યાં. **૮.** મહારાજે કહ્યું, ‘ગોરધનભાઈનો દીકરો નાનો છે. તેમનું હળ હાંકો.’ **૯.** મહારાજની આજ્ઞાથી રાજાભાઈએ તેર વર્ષ સુધી હળ હાંક્યું. **૧૦.** રાજાભાઈને દીક્ષા આપી અક્ષરાનંદ નામ પાડીને વરતાલના મહંત નીમ્યા.

**પ્ર.૭. (અ) નીચેની કોઈપણ બે પંક્તિ પૂર્ણ કરો.** ૪

૧. ધ્યાન ધર ધ્યાન ધર ................................. ઉર વિશે નાથ ભાસે.

૨. મારી ક્રિયામાં ................................ કરી માની વાત.

૩. સમરું પ્રકટ રૂપ ........................ તજી કામને રે લોલ.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે ની પૂર્તિ કરો.** ૪

૧. જનમંગલ નામાવલિમાંથી ખૂટતાં નામ પૂર્ણ કરો.

आस्तिकाय नमः ... ... ... तीर्थकृते नमः॥

૨. ब्रह्मभूतः ... ... ... लभते पराम्॥

૩. शिक्षार्थमत्र ... ... ... शरणं प्रपद्ये॥

**(વિભાગ - ૨ ગુણાતીતાનંદ સ્વામી)**

**પ્ર.૮. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''તું કહે તો આખા ભાદરા ગામને અક્ષરધામમાં હું લઈ જઉં !''

૨. ''અહો શી કથા ! ન ભૂતો ન ભવિષ્યતિ.''

૩. ''સ્વામી ! હવે અમારો કોઈ આધાર ?''

**પ્ર.૯ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (દસેક લીટીમાં)** ૬

૧. જૂનાગઢના નાગરભક્તનો રસાસ્વાદ ટળી ગયો.

૨. અમદાવાદના પીતાંબરદાસ સાધુ વિજ્ઞાનદાસ બન્યા.

૩. કરસન બાંભણિયાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

૪. આત્માનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીની પત્તરની પ્રસાદી માંગી.





**પ્ર.૧૦. નીચેના કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. અમારા તિલક

૨. નિર્માનિતા

૩. સેવા કરે તે મહંત

૪. દર્શનનો ખપ

**પ્ર.૧૧. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૫

૧. ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા ક્યાં અને ક્યારે આપવામાં આવી ?

૨. ગુણાતીતાનંદ સ્વામીને કેટલાં કીર્તન કંઠસ્થ હતાં ?

૩. ગુણાતીતાનંદ સ્વામીના મુખે પુરુષોત્તમપણાની વાતો સાંભળી ગોપાળાનંદ સ્વામી શું બોલ્યા ?

૪. ગુરુએ વિદ્યાભ્યાસ કરવાની વાત કરી ત્યારે મૂળજીએ શું કહ્યું ?

૫. સોરઠના સત્સંગ વિશે ગુણાતીતાનંદ સ્વામી શું કહેતા ?

**પ્ર.૧૨. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. દારિદ્રય ટાળ્યું.

૨. અસીમ શ્રદ્ધા

૩. માન-અપમાનમેં એક્તા

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** ૬

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. પીપલાણામાં મૂળજી ભક્તને મળતા વર્ણીરાજે તેમની શી ઓળખાણ આપી ?

(અ) 'આ મૂળજી ભક્તને અમારા સાથે અખંડ એકાત્મભાવ છે.

(બ) 'મૂળજી બહુ પ્રતાપી છે.'

(ક) 'તે તો અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છે.'

(ડ) 'એ તો અનાદિના સત્સંગી છે.'

૨. ગુણાતીતાનંદ સ્વામીએ કયાં કયાં સ્થાને માંદા સંતોની સેવા કરી હતી ?

(અ) કારિયાણી

(બ) ધરમપુર

(ક) ગઢડા

(ડ) વરતાલ

૩. ગુણાતીતાનંદ સ્વામીએ ધામગમનના દિને ગોંડલમાં કયાં કયાં સ્થાને પધરામણી કરી.

(અ) નવલખા રાજમહેલમાં

(બ) લોધિકાના અભેસિંહના મહેલમાં

(ક) ગણોદના અભેસિંહના મહેલમાં

(ડ) કારભારી માધવજી દવેને ત્યાં.

**(વિભાગ - ૩ 'સત્સંગ પરિચય' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર.૧૪ નીચેના વિષયો ઉપર વીસ લીટીમાં વિવરણ લખો.** **૨૧**

૧. સમદર્શી શ્રીજીમહારાજ

**અથવા**

સમાજ સુધારક શ્રીજીમહારાજ

૨. એકાંતનું સુખ

**અથવા**

ભગતજી મહારાજે કરેલો દેહનો અનાદર

૩. નિયમ, નિશ્ચય અને પક્ષ

**અથવા**

હિમરાજ શાહની સત્સંગનિષ્ઠા

✼ ✼ ✼